Research Review ISSN : 2321- 4708
The Refereed & Peer Review International Journal Jan 2020, Year - 6 (81)
www.researchreviewonline.com Paper ID : RRJ000082

# પ્રત્યાયનનું પ્રબળમાધ્યમ પ્રશ્નોતરી

રજુકર્તા
વંદના સી. રવૈયા

---

પ્રત્યાયનને અંગ્રેજીમાં 'Communication' કહે છે. જે લેટિનભાષાના શબ્દ 'Communic-are' પરથી ઉત્પન્ન થયો છે. જેનો અર્થ 'to make common' એટલે કે 'સામાન્ય બનાવવા માટે' એવો થાય છે અથવા 'to share'- એટલે કે 'આદાન-પ્રદાન કરવું' એવો થાય છે. વિચારો, અભિપ્રાયો અને માહિતીનો અરસ-પરસ વિનિમય એટલે કે પ્રત્યાયન. પ્રત્યાયન એ દ્વિપક્ષી પ્રક્રિયા છે. પ્રત્યાયનએ માહિતીને એક સ્રોત પાસેથી લઈને અન્ય સ્રોત સુધી પહોંચાડવાની પ્રક્રિયા છે. પ્રત્યાયનએ એવી પ્રક્રિયા છે જેમાં મોકલનાર દ્વારા માહિતીને જે-તે સ્વરૂપમાં એકઠી કરીને યોગ્ય માધ્યમ કે માર્ગ દ્વારા મેળવનારને મોકલાય છે. મેળવનાર સંદશને ઉકેલીને મોકલનારને તેનો પ્રતિસાદ આપે છે.

''પ્રત્યાયન એટલે હકીકત, વિચારો, અભિપ્રાય અને લાગણીઓની બે કે વધુ વ્યક્તિઓ વચ્ચેની થતી આપ-લે.''

- ન્યુમને અને સમર

શાળા એ એક સામાજિક સંસ્થા છે. અને શિક્ષણની પ્રક્રિયા એ એક વિસ્તૃત અને સંકુલ પ્રક્રિયા છે. શિક્ષક વર્ગ શિક્ષણકાર્ય દરમિયાન અનેક શાબ્દિક-અશાબ્દિક વ્યવહારો કરે છે. શિક્ષક ભલે ગમે તેટલી ડિગ્રી મેળવી હોય, પોતાના વિષયમાં ભલે તજજ્ઞ હોય પરંતુ જો વિષયવસ્તુની રજૂઆત શૈલી યોગ્ય અને અસરકારક ના હોય તો શિક્ષણકાર્ય નિરર્થક બને છે. શિક્ષકે પોતાના વર્ગશિક્ષણ કાર્યને રસપ્રદ બનાવવા માટે આ ત્રણ બાબતોનો વિચાર કરવો ખૂબ જ આવશ્યક છે. જેમાં શું શીખવું ? 'What to teach' 'શા માટે શીખવવું ?' 'Why to teach' અને કઈ રીતે શીખવવું ? 'How to teach' આ ત્રણ પાયાના પ્રશ્નો છે. આ ત્રણ પૈકી 'કઈ રીતે શીખવવું ?' એ શિક્ષણ પ્રક્રિયાની પદ્ધતિ/પ્રયુક્તિનો નિર્દેશ કરે છે. શિક્ષણને અસરકારક અને ચિરંજીવી બનાવવા માટે તેની પાસે વિવિધ પદ્ધત્ઓ અને પ્રવિધિઓનું જ્ઞાન હોવું જરૂરી છે. જેમાંની એક પ્રયુક્તિ છે પ્રશ્નોત્તરી પ્રયુક્તિ.

**પ્રશ્નોત્તરી પ્રયુક્તિ**

પ્રશ્નોત્તરી પ્રયુક્તિ એ પ્રશ્નપ્રયુક્તિને જ મળતી આવે છે. શિક્ષક પોતાના શિક્ષણકાર્ય દરમિયાન વર્ગખંડમાં આ પ્રયુક્તિનો સૌથી વધુ ઉપયોગ કરે છે. આ પ્રયુક્તિને 'સોક્રેટિસનીવિધિ' તરીકે પણ ઓળખવામાં આવે છે. આ એથેન્સના શિક્ષણની અતિ પ્રાચીન પ્રયુક્તિ છે. તેમના પ્રવર્તક પ્રસિદ્ધ દાર્શનિક સેક્રેટિસ હતા. આપણા પૂર્વસુરીઓ પણ જ્ઞાનના પ્રસાર અને પ્રચાર માટે અનેક પ્રયુક્તિઓ અપનાવતા હતા.

જેનો ઉલ્લેખ શ્રીમદ્ ભાગવદગીતામાં પણ છે. મહાભારતમાં પણ શ્રીકૃષ્ણે અર્જુનને જ્ઞાનઉપદેશ પ્રશ્નોત્તર સ્વરૂપે આપેલો છે. શ્રીમદ્ ભાગવદગીતમાં શંકા, પ્રશ્ન પરિપ્રશ્ન અને સમાધાન માટે જ્ઞાન માટે અનિવાર્ય ગણવામાં આવ્યા છે.

પ્રશ્નોત્તરી પ્રયુક્તિએ શિક્ષક અને વિદ્યાર્થીઓ બંન્ને માટે સંયુક્ત પ્રવૃત્તિ છે. શિક્ષક વર્ગખંડમાં 35 થી 50 ટકા જેટલો સમય પ્રશ્નોત્તરી પ્રયુક્તિનો ઉપયોગ કરીને અભ્યાસ કાર્ય કરાવે છે. આ પ્રયુક્તિમાં શિક્ષક-વિદ્યાર્થી, વિદ્યાર્થી-શિક્ષક અને વિદ્યાર્થી-વિદ્યાર્થી વચ્ચે વિચારોનું પ્રત્યાયન થાય છે. આ પ્રયુક્તિનાં ઉપયોગનો મુખ્યત્વે વિદ્યાર્થીઓને સક્રિય તેમજ વર્ગખંડ જીવંત રાખવાનો છે. સાથે સાથે વિદ્યાર્થીઓના પૂર્વજ્ઞાનની ચકાસણી પણ કરી શકાય છે. પોતાના શિક્ષણ કાર્ય અસરકારક અને રસપ્રદ બનાવવા માટે પ્રશ્નોત્તરી પ્રબળ માધ્યમ છે. વિષયાભિમુખ માટે પ્રારંભિક પ્રશ્નો,મુદ્દાના પેટા પ્રશ્નો એ પુરકપ્રશ્નો-મૂલ્યાંકનના પ્રશ્નો વગેરેનો ઉપયોગ કરી શિક્ષણકાર્યમાં વિદ્યાર્થીઓની ભાગીદારી નોંધાવે છે.

‘‘પ્રશ્નો પૂછવા આમતો પ્રત્યાયનનું એક સ્વભાવિક લક્ષણ છે. પણ શિક્ષકો માટે પ્રશ્નો પૂછવા એ સૌથી મહત્વનું સાધન છે. શિક્ષકો વર્ગખંડનું વ્યવસ્થાપન કઈ રીતે કરે છે. વિદ્યાર્થીઓને વિષયવસ્તુ સાથે કઈ રીતે જોડેલો રાખે છે, તેઓની સહભાગિતાને કેવી રીતે પ્રોત્સાહિત કરે છે. અને તેઓની સમજ શક્તિને કેવી રીતે વધારે છે તે પર પ્રશ્નોતરીની મહતા છે.’’

**પ્રશ્નોત્તરી પ્રયુક્તિના લાભાલાભ**

કેમ્બ્રિજ ઇંગ્લિશ ડિક્શનરી (2016) મુજબ, એક પ્રશ્ન એ માહિતી શોધવા માટે અને શીખવા માટે એક મહત્ત્વપૂર્ણ ઘટક છે. વિદ્યાર્થીના સમજણનું મૂલ્યાંકન કરવા માટે અને તેઓની વર્ગસહભાગીતા વધારવા માટે પ્રશ્નોત્તરી પ્રયુક્તિ મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

**(1) અર્થગ્રહણ શક્તિનો વિકાસઃ**

પ્રશ્નોત્તરી પ્રયુક્તિમાં શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચે વિચારોનું આદાન-પ્રદાન થાય છે. જેથી વિદ્યાર્થીઓને શિક્ષણ દરમ્યાન પ્રશ્નો ઉદ્ભવતા હોય છે. તેની સ્પષ્ટતા માટે વિદ્યાર્થીને શીખવાની જીજ્ઞાસા જાગે છે. જેથી પ્રશ્ન વિદ્યાર્થીને અર્થગ્રહણ કરવાની તક આપે છે.

**(2) નવુંજ્ઞાન શીખી શકેઃ**

આ પ્રયુક્તિ પ્રમાણે શિક્ષક વર્ગખમાં કથન દરમિયાન મુદ્દાને અનુરૂપ યોગ્ય પેટા પ્રશ્નો પૂછે શિક્ષક વર્ગખંડને જીવંત બનાવે છે. જેથી શિક્ષણ પ્રક્રિયા સક્રિય બને છે. તેમજ વિદ્યાર્થીઓ પણ સક્રિય બને છે. તેઓને નવું જ્ઞાન પ્રાપ્ત કરવાની જિજ્ઞાસા ઊભી થાય છે.

**(3) અધ્યેતાનું પૂર્વજ્ઞાન જાણી શકાયઃ**

પ્રશ્ન પ્રયુક્તિ દ્વારા એકમની શરૂઆત કરતાં પહેલા વિદ્યાર્થીઓ પાસે એકમને અનુરૂપ કેટલું જ્ઞાન રહેલું છે. વિદ્યાર્થીઓ મુદ્દા અંગે શું વિચારી રહ્યા છે. તે જાણવા માટે પ્રારંભિક પ્રશ્નોનો ઉપયોગ કરવામાં આવે છે. જેથી એકમને અનુરૂપ વિદ્યાર્થીઓનું પૂર્વજ્ઞાન જાણી શકાય છે.

**(4) વર્ગખંડ જીવંત બનેઃ**

વર્ગખંડમાં આ પ્રયુક્તિનો ઉપયોગ કરવાથી વર્ગખંડ જીવંત બને છે. શિક્ષક અને વિદ્યાર્થીઓ વચ્ચે સંવાદ થતો હોવાથી શિક્ષક અને વિદ્યાર્થી બન્ને સક્રિય બને છે. જેથી વર્ગખંડ જીવતં બને છે.

**(5) શિક્ષણમાં વિદ્યાર્થીઓની ભાગીદારીમાં વધારોઃ**

જ્યારે વર્ગખંડમાં શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચે સંવાદ થતો હોય ત્યારે શિક્ષક વિદ્યાર્થીને સક્રિય રાખવા, તેમજ તેમને વિચારતા કરવા માટે અનેક પ્રશ્નો પૂછતા હોય છે. જેથી વિદ્યાર્થીઓ અને શિક્ષક બન્ને વચ્ચે આંતરક્રિયા થાય છે. આ પ્રયુક્તિમાં વિદ્યાર્થીઓનો પણ ઘણો ફાળો રહેલો હોય છે. શિક્ષક પ્રશ્ન પૂછે અને વિદ્યાર્થી જવાબ આપે છે અને વિદ્યાર્થીને કોઈ પ્રશ્ન ઉદ્દભવે તો તે નિસંકોચ શિક્ષકને પ્રશ્ન પૂછે છે. અને શિક્ષક તેનો જવાબ આપે છે. આમ, વિદ્યાર્થીઓ સક્રિય રીતે પોતાની ભાગીદારી નોંધાવે છે.

**(6) વિદ્યાર્થીની માનસિક શક્તિઓનો વિકાસઃ**

પ્રશ્નોત્તર પ્રયુક્તિ  દ્વારા શિક્ષણકાર્ય દરમ્યાન પૂછવામાં આવતાં પ્રશ્ન વિદ્યાર્થીઓના વિચારોને સભાન રાખે છે. તે જે-તે વિષયવસ્તુ અંગે ઊંડાણપૂર્વક વિચાર કરતાં થાય છે. જેથી વિદ્યાર્થીઓમાં તર્કશક્તિ, વિચારશક્તિ, અનુમાનશક્તિ, કલ્પનાશક્તિ જેવી માનસિક શક્તિઓનો વિકાસ થાય છે.

**(7) વિદ્યાર્થીઓ ધ્યાનપૂર્વક અધ્યયન કરતા થાયઃ**

આ પ્રયુક્તિમાં વિદ્યાર્થીઓ સક્રિય રીતે પોતાની ભાગીદારી નોંધાવતા હોય છે. અને કહેવાય છે કે પ્રશ્ન મનને સતેજ રાખે છે. એક પ્રશ્ન ઘણા વિચારો ઉત્પન્ન કરી શકે છે, તેથી વિદ્યાર્થીઓ ધ્યાનપૂર્વક અધ્યયન કરતા થાય છે.

**(8) આંતરક્રીયા/આંતરીક વ્યવહારમાં વધારોઃ**

આ પદ્ધતિમાં શિક્ષક-વિદ્યાર્થી, વિદ્યાર્થી-શિક્ષક અને વિદ્યાર્થી-વિદ્યાર્થી વચ્ચે પણ પ્રશ્નોત્તરી થાય છે. જેથી શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચે આંતરીક વ્યવહારમાં વધારો થાય છે.

**(9) વિષય વસ્તુમાં રસની ઉત્પત્તિઃ**

પ્રશ્નોત્તરી પ્રયુક્તિમાં શિક્ષણ કાર્ય દરમ્યાન શિક્ષક પ્રશ્ન પૂછતા રહેવાથી વિષયમાં રસ જાગૃત થાય છે. અને વિદ્યાર્થીઓમાં નવું જ્ઞાન મેળવવાની ઉત્સુકતા થાય છે. જેથી આ પ્રયુક્તિ વિદ્યાર્થીને અધ્યયન સાથે સાંકળેલો રાખે છે.

**(10) અન્ય શક્તિઓનો વિકાસઃ**

આ પ્રયુક્તિમાં વિદ્યાર્થીઓની માનસિક શક્તિઓમાં તો વધારો થાય જ છે. તદ્ઉપરાંત અન્ય શક્તિઓ જેવી કે અનુમાન કરવાની શક્તિ, આગાહી કરવાની શક્તિ, નિર્ણય લેવાની શક્તિ, તુલના કરવાની શક્તિ વગેરે શક્તિઓનો અધ્યેતામાં વિકાસ થઈ શકે છે.

*** પ્રશ્નોત્તરી પ્રયુક્તિની મર્યાદા/ગેરફાયદાઃ**

કોઈપણ વિષયના અસરકારક અને જીવંત અધ્યાપન કાર્ય માટે પ્રશ્નોત્તરી પ્રયુક્તિનું જેટલું મહત્ત્વ આંકીએ એટલું ઓછું છે. આમ છતાં કેટલીક મર્યાદાઓ છે જે નીચે મુજબ છે.

**(1) હાસ્યાસાદ સ્થિતિનું નિર્માણઃ**

ઘણીવાર વર્ગખંડમાં શિક્ષક દ્વારા ન પૂછવા જેવા પ્રશ્નો પૂછવામાં આવે તો શિક્ષક હાસ્યાસ્પદ સ્થિતિનું માધ્યમ બને છે. ઘણીવાર કિલીટ પ્રશ્નો પૂછાય છે. ત્યારે અથવા અન્યકારણસર વિદ્યાર્થીઓ હાસ્યાસ્પદ ઉત્તર આપે છે શિક્ષક હાંસીપાત્ર બને છે.

**(2) પ્રશ્નોત્તરી કૌશલ્યનો અભાવઃ**

જો શિક્ષક પાસે પ્રશ્ન પૂછવાના કૌશલ્ય પર પ્રભુત્વ ન હોય તો પ્રશ્નોત્તરી પ્રયુક્તિ નિષ્ફળ જાય છે.

**(3) વિદ્યાર્થીઓમાં મૂંઝવણની પરિસ્થિતિ ઊભી થાયઃ**

શિક્ષક દ્વારા પૂછવામાં આવેલ પ્રશ્નનું બંધારણ યોગ્ય ન હોય. પ્રશ્ન અસ્પષ્ટ હોય, પ્રશ્ન વિદ્યાર્થી-ઓની વ્યક્તા ને અનુરૂપ ન હોય તો વિદ્યાર્થી ઉત્તર આપી શકતો નથી. જેથી વિદ્યાર્થીઓમાં મૂંઝવણની પરિસ્થિતિ સર્જાય છે.

**(4) કંટાળાની પરિસ્થિતિ ઉભી થાયઃ**

શિક્ષક દ્વારા પૂછવામાં આવેલ પ્રશ્ન વિદ્યાર્થીઓને વિચારતા ન કરતાં ફક્ત માહિતી લક્ષી પ્રશ્નો પૂછવામાં આવે અથવા પડઘા પ્રશ્નો પૂછવામાં આવે, ત્યારે વિદ્યાર્થીઓ કંટાળો અનુભવે છે.

**(5) વર્ગખંડમાં અવ્યવસ્થા સર્જાયઃ**

વર્ગખંડમાં શિક્ષણકાર્ય દરમ્યાન શિક્ષક દ્વારા પૂછવામાં આવતા પ્રશ્નો અટપટા હોય, પ્રશ્ન લાંબો હોય અને ઝડપી પૂછાયેલા પ્રશ્ન વર્ગખંડમાં અવ્યવસ્થા સર્જાય છે.

**(6) અપેક્ષિત ઉત્તર ન પણ મળેઃ**

શિક્ષક પોતાના શિક્ષણકાર્ય દરમ્યાન મુદ્દાને અનુરૂપ જો પ્રશ્ન પૂછે નહિ, વારંવાર પ્રશ્નનું સ્વરૂપ બદલે તો વિદ્યાર્થીઓ ઉત્તર આપવામાં ઉદાસીનતા ધરાવે છે, અને જવાબ આપે તો પણ શિક્ષકની ઈચ્છા મુજબ મળી શકતો નથી.

**(7) સમયનો વ્યયઃ**

શિક્ષક જ્યારે પ્રશ્ન પૂછે છે ત્યારે અપેક્ષિત ઉત્તર ન મળે ત્યાં સુધી વિષયવસ્તુને આગળ અભ્યાસ કરાવી શકતા નથી તેમજ ઘણીવાર વર્ગખંડમાં અવ્યવસ્થા ઉભી થાય છે. ત્યારે સમયનો વ્યય થાય છે.

**સંદર્ભગ્રંથો**

(1) અભ્યાસક્રમમાં ભાષા - અમોલપ્રકાશન અમદાવાદ

(2) ગુજરાતીના અધ્યાપનનું પરિશીલન - B. S. શાહ પ્રકાશન અમદાવાદ

(3) ગુજરાતીનું અભિનવ અધ્યાપન - નીરવ પ્રકાશન અમદાવાદ

(4) પાઠ્યવસ્તુનું વાચન અને ચિંતન - અમોલ પ્રકાશન અમદાવાદ

(5) માતૃભાષા શિક્ષણ સોપાન શ્રી કાંતિલાલ સુતરિયા, ભગવાનલાલ પારેખ, અભ્યાસક્રમ અને આયોજન પ્રકાશન - બરાઇ સેન્ટર પાસે અમદાવાદ

(6) ભાષાશાસ્ત્ર અનુ ગુજરાતી ભાષાઃ કે. કા શાસ્ત્રી, સરદારપટેલ યુનિ. વોરા એન્ડ કંપની

(7) વિષય શિક્ષણ પદ્ધતિઓઃ સોલંકી, સોની અને શાહ,અનડા પ્રકાશન અમદાવાદ